[25 ૯ A-27] Seat No.:____ No. of Printed Pages : 04

**SARDAR PATEL UNIVERSITY**

**B.A. (V Semester) Examination -2016**

**Wednesday, 23rd November,2016**

**10.00am to 01.00pm**

**UA05EHIS23: History Paper-23**

**Indian History Part-1**

Total Marks: 70

નોંધ : ૧.જમણી બાજુના અંક ગુણ દર્શાવે છે.

૨. પ્રશ્નોના જવાબ ઉત્તરવહીમાં પૂરા વાક્યમાં લખો.

પ્રશ્ન-૧ કૌંસમાં આપેલા શબ્દોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો. (૧૮)

૧. સિંધુ સંસ્કૃતિને વિદ્વાનો બીજા________ નામે ઓળખાવે છે.

( હડપ્પીય સંસ્કૃતિ, લોથલ સંસ્કૃતિ, ઝૂકર સંસ્કૃતિ, સિંધી સંસ્કૃતિ)

૨. સિંધુ સંસ્કૃતિની લિપિ_________હતી.

( બ્રાહ્મી, ચિત્ર લિપિ, દેવનાગરી, ખરોષ્ઠી)

3. લોથલના નાશ માટે_______કારણ ગણવામાં આવે છે.

( ધરતીકંપ, દુષ્કાળ, પૂરનાં પાણી, બાહ્ય આક્રમણ)

૪. આર્યોનો સૌથી પ્રાચીન વેદ ________ છે.

( સામવેદ, યજુર્વેદ, અથર્વવેદ, ઋગ્વેદ)

૫. જૈન ધર્મની બીજી પરિષદ________સ્થળે યોજાઇ હતી.

( પાટણ, સિદ્ધપુર, વલભી, જૂનાગઢ)

૬. સિદ્ધાર્થને જે વૃક્ષ નીચે બેસી જ્ઞાન પ્રાપ્તિ થઈ તે વૃક્ષ _______નામે ઓળખાયું.

( ગૌતમવૃક્ષ, બૌદ્ધવૃક્ષ, જ્ઞાનવૃક્ષ, બોધિવૃક્ષ)

૭. ગૌતમ બુદ્ધે લોકોને________ભાષામાં ઉપદેશ આપ્યો હતો.

( અર્ધમાગધી, હિંદી, પાલિ, ત્રણમાંથી એક પણ નહીં)

૮. ભારતમાં મૌર્ય વંશની સ્થાપના_______ એ કરી હતી.

( અશોક, ચંદ્રગુપ્ત, સાંપ્રતિ, પુષ્યમિત્ર)

૯. મૌર્ય વહીવટી તંત્રમાં તાલુકો_______નામે ઓળખાતો.

( સ્થાનીય, સંગ્રહણ, ગ્રામણી, ગોપ)

૧૦. નીચેનામાંથી _________રાજાને 'હિંદનો નેપોલિયન' કહે છે.

( પુલકેશી બીજો, ચંદ્રગુપ્ત વિક્રમાદિત્ય, સમુદ્રગુપ્ત, ચંદ્રગુપ્ત મૌર્ય )

૧૧. અંગકોરવાટનું જગપ્રસિદ્ધ વિષ્ણુ મંદિર ________રાજાએ બંધાવ્યું હતું.

( જયવર્મન બીજો. યશોવર્મન, જયવર્મન સાતમો, સૂર્યવર્મન બીજો)

૧૨. દિલ્હી સલ્તનત દરમિયાન ________શહેર હીરાના વેપારનું મોટું કેંદ્ર હતું.

( બેંગલોર, દોલતાબાદ, પટના, જોનપુર)

૧૩. અમદાવાદ શહેર ________સુલતાને વસાવ્યું હતું.

( અહમદશાહ પહેલો, અહમદશાહ બીજો, મહમૂદ બેગડો, મોહમ્મદશાહ પહેલો)

૧૪. દિલ્હીનો લાલ કિલ્લો _______મોગલ બાદશાહે બંધાવ્યો હતો.

( અકબર, જહાંગીર, શાહજહાં, ઔરંગઝેબ)

૧૫. બુલંદ દરવાજો ______એ બંધાવ્યો હતો.

( અકબર, જહાંગીર, શાહજહાં, ઔરંગઝેબ)

૧૬. શિવાજીની યુદ્ધ પદ્ધતિ ઇતિહાસમાં ________નામે ઓળખાય છે.

( કેસરિયા, ગેરીલા, માવળા, આકાશી)

૧૭. શિવાજીએ ગુજરાતનું ________ શહેર બે વાર લૂંટીને અઢળક સંપત્તિ મેળવી હતી.

( વિજાપુર, સુરત, નવસારી, વલસાડ)

૧૮.પેશ્વા બાલાજી બાજીરાવનું બીજું નામ ________હતું.

( વિશ્વાસરાવ, નાનાસાહેબ, માધવરાવ, ત્રણમાંથી એક પણ નહીં)

પ્રશ્ન-૨ નીચેના પ્રશ્નોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી જવાબ આપો. (૧૭)

૧. સિંધુ સંસ્કૃતિના લોકોનો મુખ્ય ધંધો કયો હતો ?

(અ) વણાટકામ (બ) ખેતી અને પશુપાલન (ક) પ્રાણીઓનો શિકાર (ડ) સુથારીકામ

૨. કોને ' પરમાત્માની વાણી' કહે છે ?

(અ) વેદને (બ) રામાયણને (ક) ઉપનિષદોને (ડ) ઋષિઓની વાણીને

૩. 'તિરુક્કુરલ'કઈ ભાષાનો ગ્રંથ છે ?

(અ) તેલુગુ (બ) તમિલ (ક) કન્નડ (ડ) મલયાલમ

૪. ગુજરાતમાં જૈન ધર્મના વિકાસમાં કયા વંશના રાજાઓનું સૌથી મોટું પ્રદાન છે?

(અ) મૌર્ય (બ) સોલંકી (ક) ચાવડા (ડ) ચૌહાણ

૫. બુદ્ધને મગધના કયા રાજાએ વેણુવન નામે ઉપવન અર્પણ કર્યું હતું ?

(અ) અજાતશત્રુ (બ) બિંદુસાર (ક) બિંબિસાર (ડ) અશોક

૬. ચંદ્રગુપ્ત મૌર્યએ જીવનના અંતભાગમાં કયો ધર્મ અંગીકાર કર્યો હતો ?

(અ) જૈનધર્મ (બ) બૌદ્ધ ધર્મ (ક) ભાગવત ધર્મ (ડ) શૈવ ધર્મ

૭. સમ્રાટ હર્ષ દર પાંચ વર્ષે નીચેનામાંથી કયા સ્થળે 'મોક્ષ પરિષદ' યોજતો હતો?

(અ) કનોજ (બ) ઉજ્જયિની (ક) પ્રયાગ (ડ) દિલ્હી

૮. રથમંદિરો માટે સુપ્રસિદ્ધ 'મહાબલિપુરમ્' હાલના કયા રાજ્યમાં આવેલું છે ?

(અ) ઓરિસ્સા (બ) આંધ્ર (ક) તમિલનાડુ (ડ) કર્ણાટક

૯. 'હિતોપદેશ' નામે કથા સાહિત્યના રચયિતા કોણ હતા?

(અ) જયદેવ (બ) ભર્તૃહરિ (ક) નારાયણ પંડિત (ડ) કાલિદાસ

૧૦. રાષ્ટ્રકૂટ વંશની સ્થાપના કોણે કરી હતી ?

(અ) કૃષ્ણ પહેલો (બ) દંતિદુર્ગ (ક) ગોવિંદ પહેલો (ડ) સિમૂક

૧૧. ચૌલ વહીવટી તંત્રમાં પ્રાંતો કયા નામે ઓળખાતા હતા ?

(અ) મંડલમ્ (બ) નાડુ (ક) કૂરમ (ડ) સુબા

૧૨. નીચેનામાંથી દક્ષિણ ભારતનું કયું મંદિર સૌથી મોટું, ઊંચું અને ભવ્ય છે ?

(અ) મિનાક્ષી મંદિર (બ) કૈલાસનાથ મંદિર (ક) ધર્મરાજ રથ (ડ) બૃહદીશ્વર મંદિર

૧૩. કોણાર્કના સૂર્યમંદિરનો આકાર.

(અ) ધનુષ્યાકાર (બ) રથઆકાર (ક) પિરામિડ આકાર (ડ) શિખર આકાર

૧૪. ગુજરાતમાં કયા સ્થળે સૂર્યમંદિર આવેલું છે ?

(અ) સિદ્ધપુર (બ) પાટણ (ક) પાલનપુર (ડ) મોઢેરા

૧૫. શંકરાચાર્યે નીચેનામાંથી કયા પ્રાચીન સાહિત્ય ઉપર ભાષ્યો લખ્યાં નથી ?

(અ) ભગવદ્‌ગીતા (બ) ઉપનિષદ (ક) શ્રૌત સૂત્ર (ડ) બ્રહ્મસૂત્ર

૧૬. ઇલોરાનું સુપ્રસિદ્ધ કૈલાસમંદિર કોણે બંધાવ્યું હતું ?

(અ) ધ્રુવ પહેલો (બ) ચંદ્રગુપ્ત બીજો (ક) કૃષ્ણ પહેલો (ડ) અમોઘવર્ષ

૧૭. રજપૂત યુગ દરમિયાન કયા ધર્મનો પ્રચાર લગભગ બંધ થયો હતો ?

(અ) શૈવ (બ) ભાગવત (ક) બૌદ્ધ (ડ) શક્તિ

પ્રશ્ન-3 નીચેના પ્રશ્નોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી જવાબ આપો. (૧૭)

૧. મહમદ ગઝનીની ભારત ઉપરની ચડાઈઓમાં સૌથી મોટી, મહત્ત્વની અને જાણીતી ચઢાઈ કઈ છે ?

(અ) સોમનાથ (બ) પંજાબ (ક) વાયવ્ય સરહદ (ડ) કલિંજર

૨. દિલ્હીની પ્રથમ સ્ત્રી રાજ્યકર્તા કોણ ?

(અ) નૂરજહાં (બ) ચાંદબીબી (ક) જહાંઆરા (ડ) રઝિયા બેગમ

3. કયો સુલતાન બજાર નિયંત્રણ અંગેના સુધારા માટે જાણીતો છે ?

(અ) અલાઉદ્દીન ખલજી (બ) મહંમદ તઘલક (ક) ઇલ્તુમિશ (ડ) કુતુબુદ્દીન ઐબક

૪. દિલ્હી સલ્તનતના સમય દરમિયાન બિન-મુસ્લિમો પાસેથી જિંદગી અને રક્ષણના બદલામાં લેવાતો કર કયો હતો ?

(અ) ખમસ (બ) ખરાજ (ક) જજિયા (ડ) ઝિમ્મી

૫. ગુજરાતનો પ્રથમ સ્વતંત્ર સુલતાન કોણ હતો ?

(અ) ઝફરખાન (બ) તાતારખાન (ક) અહમદખાન (ડ) દરિયાખાન

૬. મહંમદ બેગડાના સમયમાં ગુજરાતમાં કયું શહેર જરીકામ અને કિનખાબ માટે જાણીતું હતું ?

(અ) સુરત (બ) અમદાવાદ (ક) ખંભાત (ડ) વડોદરા

૭. 'જાતિ પાતિ પૂછે નહિ કોઇ, હરિ કો ભજે સો હરિકા હોઇ' ભક્તિ આંદોલનના કયા સંતનો આ જીવનમંત્ર હતો ?

(અ) સ્વામી દયાનંદ (બ) સ્વામી સહજાનંદ (ક) સ્વામી શ્રદ્ધાનંદ (ડ) રામાનંદ

૮. હુમાયુને મેવાડની કઈ રાણીએ તેના રક્ષણાર્થે રાખડી મોકલી હતી ?

(અ) પદ્મિની (બ) કર્માવતી (ક) જોધાબાઈ (ડ) કર્ણાવતી

૯. આજે 'ગ્રાન્ડ ટ્રંક રોડ' નામે ઓળખાતો ધોરીમાર્ગ મૂળે દિલ્હીના કયા શાસકે બંધાવ્યો હતો ?

(અ) જહાંગીર (બ) હુમાયુ (ક) શેરશાહ (ડ) બહાદુરશાહ

૧૦. 'મરાઠા તેટલા એકઠા કરો' અને 'મહારાષ્ટ્ર ધર્મ વધારો'નું સૂત્ર કોણે આપ્યું હતું ?

(અ) શિવાજી (બ) દાદાકોંડદેવ (ક) જીજાબાઈ (ડ) સ્વામી રામદાસ

૧૧. કયા મરાઠી પેશ્વા મસ્તાની નામે મુસ્લિમ કન્યાના પ્રણય સંબંધ માટે જાણીતો બન્યો હતો ?

(અ) બાલાજી વિશ્વનાથ (બ) બાજીરાવ પહેલો (ક) બાજીરાવ બીજો (ડ) રઘુનાથ

૧૨. શિવાજી રાજ્યાભિષેક પછી કયા વિશેષ નામથી ઓળખાયા ?

(અ) શહેનશાહ (બ) વીર (ક) રાજર્ષિ (ડ) છત્રપતિ

૧૩. અકબરે રાણી જોધાબાઈનો મહેલ ક્યાં બંધાવ્યો હતો ?

(અ) શાહજહાંનાબાદ (બ) આગ્રા (ક) દિલ્હી (ડ) ફતેહપુર સિક્રી

૧૪. અકબરે 1582માં કયો એક નવો ધર્મ સ્થાપ્યો હતો ?

(અ) જિલ્લેઇલાહી (બ) દીનેઇલાહી (ક) તાએઇલાહી (ડ) શાનેઇલાહી

૧૫. સલ્તનતકાળની મુસ્લિમ સ્થાપત્ય શૈલી ઇતિહાસમાં કયા નામે ઓળખાય છે ?

(અ) ઇરાનીશૈલી (બ) ગાંધારશૈલી (ક) ભારતીય-તુર્કીશૈલી (ડ) ભારતીય-ઇસ્લામીશૈલી

૧૬. વિજયનગરના કયા રાજાની ગણના ભારતમાં થઈ ગયેલા મહાન શાસકોમાં થાય છે ?

(અ) રામરાય (બ) વીર નરસિંહ (ક) રાજાભોજ (ડ) કૃષ્ણદેવરાય

૧૭. કયા યુગને ગુજરાતનો સુવર્ણકાળ કહેવાય છે ?

(અ) મૈત્રક (બ) સોલંકી (ક) વાઘેલા (ડ) સલ્તનત

પ્રશ્ન-૪ નીચે આપેલા 'A' અને 'B વિભાગમાંથી સાચા વિકલ્પ શોધી જોડકાં જોડો.

[ક] (૦૬)

| [A] | [B] |
|---|---|
| ૧. ઇ.સ. 632 | મહમૂદ ગઝનીની સોમનાથ ઉપર ચઢાઈ |
| ૨. ઇ.સ. 1025 | તરાઈનું યુદ્ધ |
| ૩. ઇ.સ. 1192 | પાણીપતનું બીજું યુદ્ધ |
| ૪. ઇ.સ. 1556 | શિવાજીનો જન્મ |
| ૫. ઇ.સ. 1627 | હજરતમહંમદ પયગંબરનો દેહવિલય |
| ૬. ઇ.સ. 1707 | ખેડનું યુદ્ધ |

[ખ] (૦૬)

| [A] | [B] |
|---|---|
| ૧. અડાલજની વાવ | મહંમદ બેગડો |
| ૨. મલાવ તળાવ | જહાંગીર |
| ૩. કાબુલી મસ્જિદ | શાહજહાં |
| ૪. શાલીમાર બાગ | રાણી રૂડાંદેવી |
| ૫. તાજમહલ | બાબર |
| ૬. જામા મસ્જિદ | મીનળદેવી |

[ગ] (૦૬)

| [A] | [B] |
|---|---|
| ૧. હિંદુધર્મના પુનરુદ્ધારક | મુહંમદ તઘલક |
| ૨. લાખબક્ષ | નરસિંહ મહેતા |
| ૩. તેલુગુ સાહિત્યના પિતા | શંકરાચાર્ય |
| ૪. ગરીબ નવાઝ | શેખ મોઈનુદ્દીન ચિશ્તી |
| ૫. આદિ કવિ | કુતુબુદ્દીન ઐબક |
| ૬. તરંગી સુલતાન | પેદ્દન |

X=X=X